# મતદાનનું કલ્યાણલક્ષી અર્થશાસ્ત્ર

ભરત પી. ચૌધરી
શ્રી લોકશાળા ખડસલી
ઉચ્ચતર માધ્યમિક, અર્થશાસ્ત્ર શિક્ષક

વિશ્વમાં દરેક દેશમાં વિભિન્ન પ્રકારની અર્થવ્યસ્થા અસ્તિત્વ ધરાવે છે. જેમાં મૂડીવાદ, સમાજવાદ તથા મિશ્રઅર્થતંત્રનો સમાવેશ થાય છે. આ અર્થવ્યવસ્થામાં મોટાભાગના દેશોમાં મિશ્રઅર્થતંત્ર અપનાવવાની દોડ વધતી જોવા મળે છે. મિશ્રઅર્થતંત્રમાં લોકો પોતાની જરૂરીયાતોની પસંદગી જાતે કરી શકે છે, પરંતુ ઘણી જરૂરીયાતો એવી છે કે જેની પસંદગીની પધ્ધતિ સાવ અલગ છે. આવી વસ્તુઓની પસંદગી અર્થતંત્રની આધારશીલા એવી મતદાન પધ્ધતિથી થઈ જાય છે. આવી પસંદગી ભારતીય અર્થતંત્રમાં લોકશાહીતંત્રની મતદાન પધ્ધતિથી કેવી રીતે થાય છે અને શું આ પધ્ધતિ યોગ્ય છે કે નહિ તે જોઈએ. જેની પહેલા કેટલાક શબ્દોનો પરિચય મેળવી લઈએ.

## ૧) ખાનગી વસ્તુ

ખાનગી વસ્તુ એટલે કે જે વસ્તુની ચોકકસ કિંમત હોય છે. જેની પ્રાપ્તિ વ્યકિત કિંમત ચૂકવીને કરી શકે છે તથા વ્યકિત જેટલી કિંમત ચૂકવે છે તેટલી વસ્તુઓ તેને મળે છે. આવી વસ્તુના ઉપયોગમાં કિંમત ન ચૂકવનારને આ વસ્તુના ઉપયોગથી વંચિત રાખી શકાતા નથી. દા.ત. ૧૦૦ નંગ બોલપેનના જથ્થામાંથી વ્યકિત પાંચ નંગની કિંમત ચૂકવે તો તેને પાંચ બોલપેન મળે છે.

## ૨) જાહેરવસ્તુ

જાહેરવસ્તુ એવી વસ્તુ છે કે જેની કોઈ ચોકકસ કિંમત હોતી નથી. વ્યકિત કિંમત ચૂકવે કે ન ચૂકવે વ્યકિતને તે વસ્તુના ઉપયોગથી વંચિત રાખી શકાતા નથી. આવી વસ્તુઓનું ઉત્પાદન કોઈ ખાનગી વ્યકિત કે કંપની કરી શકતી નથી. આવુ ઉત્પાદન સરકાર દ્વારા કરવામાં આવે છે. દા.ત. જાહેર બગીચા..

અહીં ખાનગી વસ્તુઓ કે જેનુ ઉત્પાદન ખાનગી વ્યકિત કે કંપની બજારમાંગ પ્રમાણે કરે છે અને કિંમત ચૂકવણી પ્રમાણે લોકોને તે વસ્તુ પ્રાપ્ત થાય છે. આવી વસ્તુઓની ખરીદી કરવી કે નહી? કેટલી કરવી? જે નિર્ણય વ્યકિત પોતાની મરજી પ્રમાણે લઈ શકે છે. પરંતુ સામાજિક વસ્તુ જેને આપણે જાહેર વસ્તુ તરીકે ઓળખાવીએ છીએ. આવી વસ્તુઓનું ઉત્પાદન બજારમાંગ પ્રમાણે નહી પરંતુ લોકોના કલ્યાણ મુજબ થાય છે. સામાજિક વસ્તુના ઉત્પાદન ખર્ચ માટે લોકોએ ફરજિયાત કરવેરા આપવા પડતા હોય છે પછી ભલે કે તે વ્યકિત આવી વસ્તુ કે સગવડનો ઉપયોગ કરે કે નહી. આમ આવી સમાજિક વસ્તુ અંગે વ્યકિત પોતાની પસંદગી વ્યકત કરી શકતો નથી. જો આવી સામાજિક વસ્તુઓ અંગે લોકો પોતાની પસંદગી વ્યકત ન કરી શકતા હોય તો સામાજિક વસ્તુઓનું ઉત્પાદન અંગેનો નિર્ણય કેવી રીતે લેવાય છે? જે પ્રશ્ન મહત્ત્વનો છે. આનો જવાબ એમ આપી શકાય કે આ નિર્ણય લોકો દ્વારા પ્રત્યક્ષ નહી પરંતુ પરોક્ષ લેવાય છે.

સામાજિક વસ્તુ કે જેને આપણે જાહેર વસ્તુ તરીકે ઓળખીએ છીએ તેની જોગવાઈ અંગેના નિર્ણય કરવામાં વપરનારા પસંદગી વ્યકત કરતી બજાર પધ્ધતિ નિષ્ફળ નીવડે છે. આમ થવાનું કારણ એ છે કે સામાજિક વસ્તુની એક વખત જોગવાઈ કરાય એટલે તેના લાભમાંથી કોઈને વંચિત રાખી શકાતુ નથી જયારે જાહેર

વસ્તુ કોઈપણ પ્રકારની કિંમત ચૂકવવા વગર પ્રાપ્ત થતી હોવાથી તે અંગેની પસંદગી વ્યકત કરવાની તથા જાહેર કરવાની વ્યકિતને જરૂર જણાતી નથી. પરિણામે ખાનગી વસ્તુના ઉત્પાદનની માફક જાહેર વસ્તુના ઉત્પાદન અંગે બજાર સંકેત પ્રાપ્ત ન હોવાથી વાપરનારાઓની પસંદગીનો સાચો ક્રમ તે દ્વારા જાણી શકાતો નથી. આ સંજોગોમાં જાહેર વસ્તુ અંગેની લોકોની પસંદગી જાણવા બજારતંત્રની અવેજીમાં રાજકીય પ્રક્રિયાનો આશરો આવશ્યક થઈ પડે છે. વ્યકિત જાહેરવસ્તુની પસંદગી પ્રત્યક્ષ નહી પરંતુ પરોક્ષ કરે છે. ચૂંટણી પ્રક્રિયામાં ઉભો રહેનાર ઉમેદવાર ચૂંટણી ઢંઢેરો બહાર પાડે છે. જેમાં તે કેવા પ્રકારના જાહેર કાર્યો કરવાનો છે તેની જાહેરાત કરે છે. અહી મતદારો પોતાને પસંદ હોય તેવી જાહેર વસ્તુના ચૂંટણી ઢંઢેરા કરનાર ઉમેદવાર ઉપર પસંદગી વ્યકત કરે છે અને તેને મત આપી વિજય બનાવે છે. આમ મતદાર જાહેર વસ્તુની પ્રત્યક્ષ નહી પરંતુ પરોક્ષ પસંદગી કરે છે. હવે શું ચૂંટણી પ્રક્રિયા ન્યાયી છે? શું મતદારો પોતાની પસંદગી યોગ્ય રીતે કરી શકે છે? તે જોઈએ.

વર્તમાનમાં લોકશાહી ભારતીય અર્થતંત્રમાં ચૂંટણી પ્રક્રિયા સ્પષ્ટ બહુમતી પધ્ધતિ આધારીત છે. આ પ્રક્રિયામાં N/2+1 મત ધરાવનાર ઉમેદવાર વિજયી બને છે. સ્પષ્ટ બહુમતી હેઠળ પોતાની પસંદગીના વિકલ્પ અંગે પસંદગીની તીવ્રતા મતદાર વ્યકત કરી શકતો નથી. મતદારને એક મત આપવાનો હોય છે. જેનો એક વિકલ્પની તરફેણમાં ઉપયોગ કરી શકે છે. આ ઉપરાંત સ્પષ્ટ બહુમતીની હેઠળ N/2+1 એટલે કે 51% મતદારો પોતાની વિકલ્પ પસંદગીનો 49% મતદારો ઉપર ઠોકી બેસાડે છે. જો વિકલ્પ અંગે 49% લઘુમતીની તીવ્ર પસંદગી હોય તો તેઓના કલ્યાણમાં થતો ઘટાડો બહુમતીના કલ્યાણમાં થતા વધારાથી પણ વધી જવાની શકયતા પેદા થાય છે.

આમ, વર્તમાન મતદાન પધ્ધતિમાં 49% મતદારો પોતાની પસંદગી વ્યકત કરી શકતા નથી. જે ન્યાયિક રીતે યોગ્ય નથી. આ ઉપરાંત કોઈપણ મતદારને ઉભા રહેલ ઉમેદવારોમાં માત્ર એક જ ઉમેદવાર પસંદ ન હોય તેવું પણ બને, તેમજ ચૂંટણીમાં ઊભા રહેલ દરેક ઉમેદવાર પસંદ હોય તેવું બને છે, જો કે તેની પસંદગીની તીવ્રતા વધારે ઓછી હોઈ શકે, પરંતુ ચૂંટણી સમયે માત્ર એક ઉપર જ પસંદગી ઉતારવી પડે છે. આથી અન્ય ઉમેદવારની પસંદગી કરી શકાતી નથી.

આ પ્રકારની અન્યાયી ચૂંટણી પ્રક્રિયામાંથી બહાર આવવું હોય તો સ્પષ્ટ બહુમતીની પધ્ધતિ નહી પરંતુ પોઈન્ટ વોટિંગ પધ્ધતિની આવશ્યકતા છે. આ પધ્ધતિમાં ઉભા રહેનાર ઉમેદવારને વ્યકિત પોતાની પસંદગીની તીવ્રતા પ્રમાણે પોઈન્ટ આપે છે.

દા.ત. કુલ ૧૦૦ પોઈન્ટમાંથી પ્રથમ ઉમેદવારને ૬૦ પોઈન્ટ, બીજા ઉમેદવારને ૩૦ પોઈન્ટ તથા ત્રીજા ઉમેદવારને ૧૦ પોઈન્ટ આપે ત્યારે વધારે પોઈન્ટ પ્રાપ્ત કરનાર ઉમેદવાર ચૂંટાઈ આવે છે. આ પધ્ધતિમાં ઉમેદવારની પસંદગીની લોકોની તીવ્રતા પણ છતી થાય છે, તથા દરેક ઉમેદવારને પસંદ કરવાની તક પ્રાપ્ત થાય છે. આમ, લોકો પોતાની પસંદગી વ્યકત કરતા પોતાના કલ્યાણમાં વધારો કરવા સક્ષમ બની શકે છે.